# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-09-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## P.M-સેમિકોન:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં યશોભૂમિ ખાતે સેમિકોન ઇન્ડિયા - 2025નું ઉદ્ઘાટન કરશે. આ ત્રણ દિવસીય પરિષદ દેશમાં એક મજબૂત, સ્થિતિસ્થાપક અને ટકાઉ સેમિકન્ડક્ટર માળખાને આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેમાં સેમિકોન ઇન્ડિયા કાર્યક્રમની પ્રગતિ, સ્માર્ટ ઉત્પાદન, સંશોધન અને વિકાસમાં નવીનતાઓ અને કૃત્રિમ બુદ્ધિમતા, રોકાણની તકો, રાજ્ય-સ્તરીય નીતિ અમલીકરણ, વગેરે પર સત્રો યોજાશે. પ્રધાનમંત્રી આવતીકાલે કોન્ફરન્સમાં પણ ભાગ લેશે.

48 થી વધુ દેશોના બે હજાર 500 થી વધુ પ્રતિનિધિઓ સહિત 20 હજારથી વધુ લોકો આ પરિષદમાં ભાગ લેશે.

------------------------------------------------------------------------------------------------

## P.M SCO સંમેલન:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે આતંકવાદ પર એકસાથે બે ધોરણ અસ્વીકાર્ય છે. ચીનના તિયાનજિન ખાતે શાંઘાઈ સહકાર સંગઠન-SCO સંમેલનમાં નિવેદન આપતા, શ્રી મોદીએ પહલગામ આતંકવાદી હુમલા પછી ભારત સાથે એકતા દર્શાવનારા દેશોનો આભાર માન્યો.

પ્રધાનમંત્રીએ SCO સંમેલન દરમિયાન રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ સાથે પણ દ્રષ્ટિકોણનું આદાન-પ્રદાન કર્યું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને ગઈકાલે આર્થિક, નાણાકીય અને ઉર્જા ક્ષેત્રો સહિત દ્વિપક્ષીય સહયોગ પર ચર્ચા કરી અને આ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોમાં થતાં સતત વધારા પર સંતોષ વ્યક્ત કર્યો.

---

## S.C-ઈથેનોલ:

સર્વોચ્ચ અદાલતે 20 ટકા ઇથેનોલ-મિશ્રિત પેટ્રોલના દેશવ્યાપી અમલીકરણને પડકારતી જાહેર હિતની અરજી (PIL) ને ફગાવી દીધી હતી, અરજીમાં એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે લાખો વાહન માલિકોને તેમના વાહનોના એંજિનને અનુરૂપ ન હોય તેવા ઇંધણનો ઉપયોગ કરવાની ફરજ પાડવામાં આવી રહી છે.

---

## રાજ્ય-ગ્રામીણ માર્ગ મરંમત:

રાજ્યના ગ્રામીણ વિસ્તારમાં બારે મહિના સારી સપાટી ધરાવતા ટકાઉ રસ્તા બનાવવા માટે રાજ્ય સરકારે અંદાજિત બે હજાર 600 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. તે અંતર્ગત તમામ જિલ્લામાં પંચાયત હસ્તકના અંદાજે ચાર હજાર 196 કિલોમીટરના એક હજાર 258 માર્ગનું સમારકામ સહિતનું કામ કરાશે.

આ રકમમાં ઉત્તર ગુજરાત વિસ્તારમાં એક હજાર 609 કિલોમીટરના 487 માર્ગ, દક્ષિણ ગુજરાત વિસ્તારમાં એક હજાર 528 કિલોમીટર લંબાઈના 499 માર્ગ અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં એક હજાર 59 કિલોમીટરના 272 ગ્રામીણ માર્ગનો સમાવેશ થાય છે.

---

## વિશ્વ નાળિયેર દિવસ :

આજે 2જી સપ્ટેમ્બર વિશ્વ નાળિયેર  દિવસ રાજ્યમાં છેલ્લાં એક દાયકામાં નાળિયેરીનો વાવેતર વિસ્તાર 5,746 હેક્ટર વધ્યો; લીલા નાળિયેરનું વાર્ષિક ઉત્પાદન 26 કરોડ યુનિટથી

પણ વધુ, હાલ નાળિયેરનું ઉત્પાદન મુખ્યત્વે ગીર-સોમનાથ, જૂનાગઢ, ભાવનગર, વલસાડ, કચ્છ, નવસારી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં થાય છે. ગુજરાતમાંથી ઉત્પાદનના 40 ટકા નાળિયેરની દિલ્હી, પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં નિકાસ થાય છે.

---

## પશ્ચિમ રેલવે-વધારાના સ્ટોપેજ:

પશ્ચિમ રેલવે દ્વારા 10 ટ્રેનના  વધારાના સ્ટોપેજને મંજૂરી આપવામાં આવી છે. તે પૈકી ગાંધીધામ અને ભુજથી ઉપડતી બે ટ્રેનના વધારાના સ્ટોપેજ મંજૂર  કરવામાં આવ્યા છે. રેલવે દ્વારા જારી કરાયેલી યાદીમાં જણાવ્યા પ્રમાણે ગાંધીધામ-ઈન્દોર ટ્રેનને  સામખિયાળી ખાતે તા. 8 સપ્ટેમ્બરથી સ્ટોપેજ આપવામાં આવ્યું છે. એ જ રીતે ભુજ-બરેલી એક્સપ્રેસને માળિયા ખાતે સ્ટોપેજ અપાયું છે.  પ્રવાસીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે.

---

## નખત્રાણા-રામદેવપીર મેળો:

નખત્રાણાના રામદેવપીરનાં મંદિર ખાતે આજે રામદેવપીરનો મેળો યોજાશે. નગરપાલિકા આયોજીત ત્રિદિવસીય મેળાને આજે ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના અતિથિપદે ઉદઘાટન કરાશે. આવતીકાલે સંતવાણી અને મેળાના અંતિમ દિવસે 4 સપ્ટેમ્બરના મલ મલાખડો યોજાશે. સારા વરસાદના પગલે મેળામાં મોટી સંખ્યામાં સહેલાણીઓ ઉમટશે તેવો અંદાજ છે.

---

## એશિયા કપ -હોકી:

એશિયા કપ હોકીની ગ્રુપ સ્ટેજની છેલ્લી મેચમાં ભારતીય ટીમે કઝાકિસ્તાન વિરૂધ્ધ 15-0થી જબરદસ્ત વિજય હાંસલ કર્યો છે. જીતની હેટ્રિક સાથે ભારતીય ટીમ 6 પોઇન્ટ સાથે પૂલ એમાં ટોચ પર રહીને સુપર-ફોર રાઉન્ડમાં પહોંચી છે.

---

## પશુ રસીકરણ-સરહદ ડેરી:

સરહદ ડેરી દ્વારા પ્રવર્તમાન પશુઓમાં ખાસ કરીને ગાય વર્ગમાં આવેલ લમ્પી વાયરસમાં ડેરી દ્વારા પશુઓની સારવાર અને રસીકરણની કામગીરી ચાલુ છે.

કચ્છ જિલ્લામાં કરવામાં આવલે લમ્પી સ્કીન ડીસીસ રસીકરણ કાર્યક્રમમાં સરહદ ડેરીની વેટરનરી ટીમ દ્વારા સહયોગ આપવામાં આવ્યો અને વિનામૂલ્યે 57 હજાર પશુમાં સરહદ ડેરી દ્વારા રસીકરણ કરવામાં આવ્યું હતું.

----------------------------------------------------------------------------------------------------

## હવામાન:

કચ્છમાં છેલ્લા એકાદ સપ્તાહથી વરાપનો માહોલ જોવા મળી રહ્યો છે. જો કે, બંગાળની ખાડીમાં સર્જાનારાં હવાનાં હળવાં દબાણની અસર હેઠળ કચ્છમાં ચાર દિવસ બાદ વરસાદી ગતિવિધિ વધવાની આગાહી હવામાન વિભાગે કરી છે. ભેજનાં પ્રમાણમાં ઉતાર-ચડાવ વચ્ચે જિલ્લામાં ઉકળાટનો અનુભવાઈ  રહ્યો છે.

----------------------------------------------------------------------------------------------------